ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૩-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### સંગઠનની શક્તિનો પરચો બતાવતું ભાજપ

સભ્ય નોંધણીની ઝુઝારું ઝુંબેશ ઉઠાવનાર ભાજપના ગુજરાતી રાષ્ટ્રીય કર્ણધાર અમિત શાહે નવેસરથી શરૂ કરેલી સભ્ય નોંધણીનો આંકડો વિક્રમજનક સપાટી વટાવી ગયો છે. વિશ્વમાં સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી પાર્ટી તરીકે ચીનની સામ્યવાદી પાર્ટી કરતાં પણ ભાજપ આગળ નીકળી ગયું છે અને હજી આગામી સમયગાળામાં એ નવા વિક્રમો સ્થાપવાની મંશા ધરાવે છે. ઓનલાઇન સભ્યનોંધણીને કારણે આ સફળતા આંબી શકાઇ છે. ઝુંબેશની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રથમ સભ્ય તરીકે નોંધ્યા પછી થઇ હોઇ હવે પાર્ટી પર બે જ વ્યક્તિઓ સુવાંગ કબજો ધરાવે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગુજરાતને એ મુદ્દે ગૌરવ થવું જોઇએ કે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીના બેઉ મુખ્ય માણસો ગુજરાતી છે. ભારતીય જનતા પાર્ટીનો પૂર્વાવતાર જનસંઘ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાઓમાં સતતત બોલાતું સૂત્ર પડેલું છે. 'સંગઠન મેં શક્તિ હૈ' - સંઘે શક્તિ કલૌયુગે! આ સંગઠન શક્તિ જ ભારતીય જનતા પાર્ટીને જનતા પાર્ટીમાં વિલીન થઇ ગયા પછી નવા સ્વરુપે કમળનું ચિહન લઇ મેદાનમાં ઉતારી શકી હતી. જનસંઘથી ભાજપની આ યાત્રા એટલે દીપકને બદલે કમળ - આખરે અજવાળું કે સુવાસ : સાંસ્કૃતિક વૈભવનો જેટલો સદુપયોગ કે વિનિયોગ ભારતીય જનતા પાર્ટી કરી શકી છે એથી સોમા ભાગનો પણ કોંગ્રેસ જેવી એકસો ત્રીસ વરસ જૂની પાર્ટી કરી શકી નથી, તે હકીકત સ્વીકારવી જ રહી. કોંગ્રેસને ભારતીય સંસ્કૃતિનાં મૂળમાં રહેલ આર્ય સંસ્કૃતિ પ્રત્યે જાણ્યે અજાણ્યે છૂપી એલર્જી રહ્યા કરી છે. તેથી ભાજપ જયારે ગાય અને ગંગા કે હિમાલયની ઊર્મિશીલ રજૂઆત કરે છે ત્યારે કોંગ્રેસ એને હિંદુત્વવાદી હોવાની ગાળ ભાંડીને ચૂપ કરવા મથતી રહે છે. લાંબે ગાળે કોંગ્રેસની આ નીતિ - જેને એના નેતાઓ બિનસાંપ્રદાયિકતાના હુલામણા નામે ઓળખાવતા રહે છે તે નુકશાનકારક નીવડી છે અને ભાજપ કે જે કયારેક ઉત્તર ભારતનાં હિંદી પટ્ટામાં સીમિત રાજકીય પરિબળ ગણાતું હતું અને સવર્ણ લઘુમતીઓનો તથા સુખી ભદ્રલોક પૂરતું જ એનું વજૂદ વરતાતું હતું તે કાળક્રમે રાષ્ટ્રવાદી રાજકીય સંગઠન તરીકે દેશના ખૂણે ખૂણે વિસ્તારી શક્યુ છે. એના આ વિસ્તાર પાછળ નરેન્દ્ર મોદી અને અમિત શાહની આયોજનબદ્ધ કોઠાસૂઝ અને ટેકનોલોજીનો સુભગ સમન્વય દૃષ્ટિગોચર થાય છે. આશ્ચર્ય એ વાતનું થાય કે જે ઉચ્ચ ટેકનોલોજીના ઉદ્‌ગાતા તરીકે રાજીવ ગાંધી અને એમના મિત્ર સામ પિત્રોડાનાં ગુણગાન ગાતાં કોંગ્રેસીઓ થાકતા નથી, એનો સફળ વિનિયોગ ભારતીય જનતા પાર્ટીના નવા નેતાઓએ કર્યો છે. કોંગ્રેસને હાંસિયે ધકેલી દેવામાં આ ટેકનોલોજી જ ખપ લાગી છે. યુવાનો અને મહિલાઓને તાકાતવાન બનાવવાનું મૂળ સ્વપ્ન રાજીવ ગાંધીનું જ; પરંતુ એ છીનવી લીધું ગુજરાતી 'સ્વયંસેવક' નરેન્દ્ર મોદીએ. આજે જે સભ્યનોંધણી થઇ છે તેમાં યુવાનો અને મહિલાઓ ભારે બહુમતીમાં છે. વાજપેયી અને અડવાણી જેવા છોતીછાપ સંસ્કાર પુરુષોએ ઊભી કરેલી પાર્ટીને યુવાનો અને મહિલાઓ સુધી લોકપ્રિય કરવાનું શ્રેય 'બ્રહ્મચારી' વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. એની સામે કોંગ્રેસ પાસે યુવા નેતા રાહુલ અને પ્રિયંકા હોવા છતાં એની કફોડી હાલત છે, તે જ શું સૂચક નથી?





### સ્કૂલ ઓફ અચિવર (કુડાસણમાં) જય વસાવડાનું વક્તવ્ય

વિદ્યાર્થીના વિકાસ માટે શાળાના યોગદાનમાં વાલીની સહભાગિતા પર એક સુંદર અને વિશિષ્ટ સેમિનાર સ્કૂલ ઓફ અચિવરમાં યોજાયો હતો. 'પાર્ટનરશીપ વિથ પેરેન્ટસ' નામે આ વિશિષ્ટ સેમિનારના મુખ્ય વક્તા તરીકે સુપ્રસિદ્ધ કટારલેખક અને લોકપ્રિય સ્પીકર જય વસાવડા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે ઉદાહરણો અને તાર્કિક પ્રમાણો સાથે એ વાત પર ભાર મુક્યો હતો કે શાળા અને વાલી બન્ને વિદ્યાર્થી વિકાસ માટે જવાબદાર તત્વો છે. બે હજાર કરતાં પણ વધુ શ્રોતા-વાલીઓ બન્ને વક્તાઓના વક્તવ્યથી પ્રભાવિત થયા હતા. જય વસાવડા લોકભોગ્ય ભાષામાં વાત કરી શ્રોતાઓને સેમિનારના મર્મ સુધી લઈ જવામાં સફળ રહ્યા હતા. વસાવડાએ આ પછી પણ યોજાનાર સેમિનારોમાં હાજર રહેવા સહર્ષ સંમતિ આપી હતી. સમગ્ર સેમિનારનું સફળ સંચાલન સ્કૂલ ઓફ અચિવરમાં નિહિત કોરટીમનાં અધ્યક્ષા પૂનમ મોઢાએ કર્યું હતું (તસવીર : દિલીપભાઈ પ્રજાપતિ)

## હરિની દૃષ્ટિ...



સાહેબ, સરકાર તો ગતિશીલ જ છે... આ સર્વર જ ધીમુ ચાલે છે... !

# સીએસ-સીએ-આઈપીસીસી પરીક્ષા એક જ દિવસે યોજાશે

## પરીક્ષા એક જ દિવસે હોવાથી વિદ્યાર્થીઓને બે પૈકી કોઈ એક પરીક્ષા છોડવી પડે તેવી સ્થિતિ : વર્ષ બગડી શકે છે

અમદાવાદ, તા.૩૦

દર વર્ષ ચાર્ટડ એકાઉન્ટન્સી અને કંપની સેક્રેટરીની પરીક્ષાના કાર્યક્રમ થોડાક દિવસોના અંતર રાખીને ગોઠવવામાં આવે છે જેના કારણે આ બન્ને અભ્યાસક્રમની એક સાથે તૈયારી કરી રહેલા ઉમેદવારો યોગ્ય રીતે તૈયારી કરીને બન્ને પરીક્ષા આપી શકે. પરંતુ આ વખતે સીએસ અને આઈપીસીની પરીક્ષાઓ એક સાથે રાખતા વિદ્યાર્થીઓને બેમાંથી કોઈ એક પરીક્ષા છોડવી પડે તેવી સ્થિતિ થતા વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડશે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ ચાર્ટડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ચાલુ વર્ષ સીએ-ફાઈનલ અને સીએ-આઈપીસીસીની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે જે મુજબ સીએ ફાઈનલની પરીક્ષા બીજી મેનાં દિવસે લેવામાં આવશે. જયારે સીએ-આઈપીસીસીની પરીક્ષા ત્રણ મેનાં રોજ બપોરે ૨:૦૦ કલાકથી ૫:૦૦ કલાક દરમિયાન લેવામાં આવશે. જો કે આજ દિવસે કંપની સેક્રેટરીના અભ્યાસક્રમની પરીક્ષા પણ હોવાથી કંપની સેક્રેટરીની સાથે સાથે સીએ-આઈપીસીસીની પરીક્ષા આપવાં માગતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે એટલું જ નહી રાજયની તમામ યુનિવર્સિટીઓમાં બી કોમની પરીક્ષાનું પણ આજ સમયગાળા દરમિયાન આયોજન કરવામાં આવેલું છે જેનાં કારણે વિદ્યાર્થીઓએ ફરજીયાત પણ કોઈ એક પરીક્ષા છોડવી પડે તેવી સ્થિતી સર્જાઈ છે આ ઉપરાંત પરીક્ષાની તૈયારીને લઈને પણ વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, રાજયમા કંપની સેક્રેટરી કે બી કોમનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કારકિર્દીની દષ્ટિએ અતિ મહત્વપૂર્ણ ગણાતા ચાર્ટડ એકાઉન્ટન્સીનાં અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાની સીએ-આઈપીસીસીની પરીક્ષા પણ આપતા હોય છે જેને ધ્યાનમાં રાખીને આ બન્ને પરીક્ષાના કાર્યક્રમમાં થોડા દિવસનું અંતર રાખવામાં આવે છે જેનાં કારણે બંને પરીક્ષાની એક સાથે તૈયારી કરી રહેલા ઉમેદવારો યોગ્ય રીતે તૈયારી કરીને પરીક્ષા આપી શકે. જો કે ચાલુ વર્ષે સીએસ અને સીએ આઈપીસીસીની પરીક્ષા એક જ દિવસે અને એક જ સમયે રાખવામાં આવતા વિદ્યાર્થીઓએ ફરજીયાત પણ કોઈ એક પરીક્ષામાંથી ડ્રોપ મુકવો પડે તેવી સ્થિતી સર્જાઈ છે.



નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા દહેગામ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ ખાતે યુવાનો માટે એક 'યુવા સાંસદ' નામક કાર્યક્રમ યોજાઈ ગયો. યુવાઓની સમાજ પ્રત્યેની જવાબદારી પૂર્વકની ફરજ અને અન્યોને મદદરૂપ થવાની ભાવનાને મહાનુભાવો દ્વારા ઉજાગર કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન, શૌચાલય બાંધકામ વ્યસન મુકિત, ભૌતિકતાથી દૂર રહી તેમજ અનુશાસન દ્વારા દેશનાં વિકાસને વધુ વેગ આપવાની વાત આ તબક્કે કરવામાં આવી હતી. સરકારની વિવિધ યોજનાઓ લોકો સુધી પહોંચાડી શકાય અને તેનો લાભ વધુને વધુ મળે તે માટે યુવાનોને તૈયાર થવાની સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી આઈ.એ. વ્હોરા (નિવૃત્ત સનદી અધિકારી), રજનીકાંત સુથાર (યુથ કોર્ડીનેટર નહેરુ યુવા કેન્દ્ર) આચાર્યશ્રી હિતેશ ભટ્ટ સાહેબ, એનએસએસ કોર્ડીનેટર, ડૉ. કિરીટ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

## સેક્ટર-૧૫ વિજ્ઞાન કોલેજમાં વિજ્ઞાન મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજમાં વિજ્ઞાન મેળો યોજાયો હતો. ઈન્ટર કોલેજ કોમ્પિટીશનમાં માઈક્રો બાયોલોજી સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓએ બનાવેલ ગ્રીનસીટી મોડેલે પ્રથમ નંબર મેળવ્યો હતો.

ગાંધીનગરના શહેર સેક્ટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજમાં ઈન્ટરકોલેજ કોમ્પીટીશન વિજ્ઞાન મેળો યોજાયો હતો. વિજ્ઞાન મેળામાં કોલેજના વિદ્યાર્થીઓએ અલગ-અલગ પ્રકારના મોડલ રજૂ કર્યા હતા. જેમાં માઈક્રો બાયોલોજી સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓએ બનાવેલ ગ્રીનસીટી મોડેલને પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો. મોડેલમાં ચિન્મય જોષી, જય ભાટીયા, નિધિ ત્રિવેદી, કૌશિક ગઢવી, પ્રિતિ પટેલે કામગીરી કરી હતી. તેમજ હિમાંશી પટેલે આગિયાના પ્રકાશ ઉત્પન્ન કરવાના જવાબદાર જનીનને રીકોમ્બીનન્ટ ડી.એન.એ. ટેકનોલોજીની મદદથી વૃક્ષમાં ટ્રાન્સપાલ્ન્ટ કરી જીનેટીકલી મોડિફાઈડ પ્રકાશ ઉત્પન્ન કરતા વૃક્ષનું મોડલ રજુ કર્યુ હતુ.

તેમજ પેટ્રોલ ડીઝલના વિકલ્પ તરીકે વૃક્ષોની મદદથી બનતું બાયો ફયુલ અને એરાએટેડ ઓટોકલ્વેવ્ડ કોન્સન્ટેરની મદદથી પાણીની અંદર રહેલા જીવોને નુકશાન થાય નહિ તેવા મોડેલ રજુ કરવામાં આવ્યા હતા.

## વિસનગરા નાગર પરિવાર હાટકેશ પાટોત્સવ શુક્રવારે ઉજવશે

ગાંધીનગર, તા. ૩૦

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ૨૨મો હાટકેશ પાટોત્સવ તા. ૩જી એપ્રિલના રોજ ઉજવશે. સવારે ૭.૦૦ વાગે પરિવારના નોંધાવેલ સભ્યોને ઘરે હાટકેશદાદાની પધરામણી કરવામાં આવશે. જે પધરામણી સે. ૭, ૪, ૫, ૨૯, ૩૦ વગેરેમાં ફરશે.

વિશેષમાં નર્મેદશ્વર મહાદેવમાં રૂદ્રી તથા અભિષેક કરવામાં આવશે.

સાંજે ૫.૦૦ વાગે પરિવારના સભ્યો તથા કુટુંબીજનો સાથે વિશાળ સંખ્યામાં હાટકેશદાદાની શોભાયાત્રા નીકળશે. જે સેક્ટર-૧૭, ૧૭-૨૨, સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટર, પંચદેવ મંદિર થઈ નીજ મંદિરે પરત ફરશે. શોભાયાત્રા દરમ્યાન વડનગરા નાગર મંડળ તથા શહેરીજનો હાટકેશદાદાનું શોભાયાત્રામાં પુજા-અર્ચન કરશે.

હાટકેશ પાટોત્સવને સફળ બનાવવા માટે શ્રી સુરેશ મહેતા પ્રમુખશ્રી, વિસનગરા નાગર પરિવાર, શ્રી મયંકભાઈ દવે, શ્રી ધર્મેન્દ્રભાઈ રાવલ, શ્રી ગજાનનભાઈ મહેતા, શ્રી કૌશિકભાઈ રાવલ, શ્રી મહેશભાઈ ઠાકોર પ્રયત્નો કરી રહ્યા છે.

## બી. કેશર શિવમના પુસ્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૩૦

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે બી. કેશર શિવમ્‌ના પુસ્તકોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. થાનગઢ દોલત વસાહતમાં બીનાબેન ચાવડાના વરદ્ હસ્તે ચાલો ત્રીજુ નેત્ર ખોલીએ... અને પૂર્ણ સત્ય ૨૦૦૨... પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં દલિત સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

# ભૌતિક વસ્તુઓની જરૂરિયાત એ હદે વધી રહી છે કે તે મેળવવા માટે માણસને આર્થિક દૃષ્ટિએ વધુ ને વધુ સદ્ધર થવાની જરૂરિયાત જણાય છે!

## આધુનિકતાનો અતિરેક

*- નેહલ જયદીપ ગઢવી*

આધુનિક યુગમાં આપણે સૌ 'ટેકનો-સેવી' **Techno-savy** બન્યા છીએ. મોબાઇલ, ઇન્ટરનેટ, કમ્પ્યુટર, લેપટોપ આ તમામની મદદથી વિશ્વ જાણે મુઠ્ઠીમાં સમાઇ ગયું હોય તેમ લાગે છે. સાવ નાની ઉંમરના બાળકોના હાથમાં આપણે સ્માર્ટ - ફોન જોયા છે! (આંખો પર જાડા-મોટા ચશ્મા પણ!) બાળકોને જે માગે તે વસ્તુઓ કે ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ મોટાભાગના માતાપિતા તરત જ લાવી આપતા હોય છે. મા-બાપ બંને-પોતપોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવાને કારણે, બાળક પણ એકમાત્ર સંતાન હોવાને કારણે તેને પણ ભાગ્યે જ કોઇ કંપની હોવાને કારણે અને વિભક્ત કુટુંબોની નવી પરંપરાને કારણે બાળકને આ પ્રકારના મોબાઇલ, આઇ-પેડ કે લેપટોપમાં ગેમ્સ્ રમવામાં વ્યસ્ત કરી દેવામાં આવે છે. આ જ બાળકો મોટા થઇને કુટુંબમાં કે સામાજિક મેળાવડામાં કે મિત્રમંડળમાં આવવાની કે કોઇની પણ સાથે વાતચીત ન કરતાં એક રૂમમાં ભરાઇ રહેવા તરફ પ્રેરાય છે ત્યારે માતાપિતા ચિંતિન બને છે અને બધો દોષ જનરેશન ગેપ અને યુવાનોના ઉદ્ધત વર્તનને નામે ચડાવી દે છે! પરંતુ, સમસ્યાના મૂળ છેક બાળપણમાં જ રોપવામાં આવ્યા હોય તો તેનું વટવૃક્ષ યુવાવસ્થા દરમિયાન જોવા મળે એ અત્યંત સ્વાભાવિક છે. સમય સાથે બદલાવું કે પ્રગતિશીલ બનવું એ કોઇ ખરાબ બાબત નથી પરંતુ, પ્રશ્ન ત્યારે ઉપસ્થિત થાય કે જયારે કોઇ પણ બાબતનો અતિરેક થાય અને પ્રમાણભાર ન જળવાય ! વિજ્ઞાન અને ટેકનોલોજીથી આપણું જીવન સરળ અને સમૃદ્ધ બન્યું છે, એ વાત એકદમ સ્પષ્ટ છે. ટી.વી., મોબાઇલ, કમ્પ્યૂટર્સ જેવા ભૌતિક સાધનોની શોધોને સ્થળ અને કાળનું અંતર ઘટાડી દીધું છે. પરંતુ ટેકનોલોજીની આ જ શોધોને માનવીનાં હૃદય-માનવીના મન વચ્ચેના અંતર વધારી દેવામાં ખૂબ નોંધફાત્ર ફાળો આપ્યો છે.

ભૌતિક વસ્તુઓની જરૂરિયાત એ હદે વધી રહી છે કે તે મેળવવા માટે માણસને આર્થિક દૃષ્ટિએ વધુ ને વધુ સદ્ધર થવાની જરૂરિયાત જણાય છે ! સંતાનોની અને પરિવારની આ વધતી જતી અપેક્ષાઓ સંતોષવા જરૂરી ધન કમાવા સૌ - કોઇ એક આંધળી દોટ મૂકીને કોઇ હરિફાઇમાં ઉતર્યા હોય તેમ દોડતા જણાય છે. જેના કારણે સર્વત્ર માનસિક તાણ હેઠળનું જીવન અનુભવાય છે. પરિવારમાંથી પ્રેમ અને પ્રસન્નતા લુપ્ત થઇ ગયા હોય તેમ લાગે છે. દિન-પ્રતિદિન મોંઘવારીનું પ્રમાણ તો વધ્યું જ છે પરંતુ, તેમ છતાં સામાજિક અને ધાર્મિક ઊજવણીમાં લખલૂટ ખર્ચ કરતા લોકો પણ આપણે જોઇએ છીએ. આ પ્રકારની ઝાકળમાળ જોઇએ ત્યારે મનમાં પ્રશ્ન થાય કે આવા સમયે મોંઘવારી કોઇને નડતી નહિ હોય ! સાંપ્રત સમયના આ વિરોધાભાસને દર્શાવતી કવિ સુરેશ દલાલની એક ખૂબ સરસ રચના છે :

"પંખીને ગાવાનો બોજો નથી ને ફૂલોને મ્હોરવાનું ટેન્શન નથી,
ઝીણી ઝીણી ઘટના પર ઓવારી જવાનું
માણસનું કયાંયે અટેન્શન નથી.
ઝાડ કોઇની નોકરી કરતું નથી,
અને ખુશ્બુ નહીં કરે કોઇ ધંધો.
માણસ તો પૈસા માટે કંઇ પણ કરે
મધમીઠો ને ભીતરથી ખંધો.
સાંજ પડે સૂરજ આથમે છે તોય એને કોઇ મળતું પેન્શન નથી,
પંખીને ગાવાનો બોજો નથી ને ફૂલોને મ્હોરવાનું ટેન્શન નથી."

આધુનિક અને મોર્ડનાઇઝેશનના આ ફાસ્ટ યુગમાં બાળપણથી જ એક પ્રેશર હેઠળ શાળાજીવનની શરૂઆત થાય છે, અને આ પ્રેશર છે પરર્ફોર્મીંગ પ્રેશર **performing pressure** મોટા - મોટા અને ખૂબ વજનદાર સ્કૂલ બેગ લઇને જતા બાળકોને જોઇને તેમના પર દયા આવે અને સમાજની આ આંધળી દોટ પ્રત્યે ઘૃણા નીપજે એ સહજ છે ! તો સામે બાળકો જેવા જ ગણાતા વૃદ્ધોની દશા પણ કં ઓછી દયનીય નથી! આધુનિક સારવાર અને ચિકિત્સા જગતની પ્રગતિને કારણે સરેરાશ આયુષ્ય વધ્યુ છે અને પરિણામે, વૃદ્ધોની સંખ્યા ખૂબ વધી છે. પરંતુ, જે સમયમાં પોતાના નાના-નાના બાળકો માટે કોઇને સમય ન હોય તેવા સમયે વૃદ્ધો માટે તો કોને સમય હોય! એક સમય હતો જયારે વૃદ્ધોનું મહત્ત્વ હતું. મોટી ઉંમરના માણસના અનુભવોનો લાભ નવી પેઢીને મળતો હતો. આજે ગણ્યાં ગાઠ્યાં કુટુંબોમાં વૃદ્ધ વ્યક્તિ અને તેમાંય વૃદ્ધ પુરુષની સ્થિતિ થોડી વધુ કરુણ હોય છે કારણ કે, જીવનભર પત્ની અને બાળકોની જરૂરિયાતો પુરી કરવામાં તેમણે ખૂબ દોડા-દોડી કરી હોય છે અને કુટુંબના મોભી તરીકે અને આર્થિક મુખિયા તરીકે પણ એકચક્રી શાસન એ ત્રણેય એક સાથે જવાથી તે માનસિક હતાશામાંથી પસાર થતા હોય છે. નાનું બાલક જેમ ધ્યાન દોરવા માટે અવનવા તોફાન કરે કે ચીડાઇ જાય તેમ વૃદ્ધો પણ નાની-નાની વાતોમાં આ જ કારણે ઉશ્કેરાઇ જતા જણાય છે! તેમની પાસે બેસવાનો કે વાતો કરવાનો સમય કોઇ પાસે હોય જ નહિ તેમ તેમ લાગે છે, અને તેમનામાં રહેલી શાસકવૃત્તિને કારણે તેઓ પોતાનું દુઃખ કે રોષ પણ બાળકો સામે સ્પષ્ટપણે દર્શાવી શકતા નથી! અને આ કારણોસર ઘણીવાર તેમની આંખોમાં નિરાશા અને હતાશાની એક ઊંડી અસર વર્તાઇ રહી હોય તેવું આપણે અનુભવી છીએ! ફેસબુક અને વોટ્સઅપની જનરેશનના બાળકોને ન તો વડીલોની આ દશાનો અહેસાસ થાય છે કે ના તેની પ્રતીતિ થાય છે! ભારત જેવા અમૂલ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતા દેશમાં સંતાનો પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલતા થઇ ગય છે તે ખરેખર આપણી સંસ્કૃતિ માટે ભયંકર લાંછનરુપ બાબત ગણાય!

જો કે, બાળકો અને વૃદ્ધો જ આધુનિકતાનો ભોગ બન્યા છે તેવું નથી. યુવાનો અને પુખ્ત વયના લોકો પર પણ જમાના સાથે કદમ મિલાવી શકવા માટે અને સારામાં સારી કરિયર બનાવવાનું એક ભારે પ્રેશર રહેલું છે! યુવાનોને મોબાઇલનું એડિકશન એટલું ભયંકર રીતે વળગે છે કે તે આખો દિવસ ફોન પર ચેટિંગમાં કે ફેસબુક અને વોટ્સઅપ જેવી **Social Networking** જેવી સાઇટ્સ પર જોવા મળતા જીવનને જ સાચું જીવન સમજી બેસે છે! આ જ પ્રમાણે ચાલતું રહ્યું તો વિદેશની જેમ આપણા દેશમાં પણ સોશિયલ નેટવર્કીંગ સાઇટ્સના એડિકશનથી મુક્ત થવા માટેના રીહેબિલીટેશન સેન્ટર્સ જોવા મળશે! મોબાઇલ ફોનનો મર્યાદિત અને નિયમિત ઉપયોગ આપણા જીવનને વ્યવસ્થિત કરવામાં ખૂબ જ મદદ કરે છે. એક બાજુ મોંઘવારી વધવાની બૂમો સંભવાય છે, જયારે બીજી બાજુ લોકો સુવિધા અને પ્રતિષ્ઠા જાળવવા માટે ખર્ચ કરવામાં પાછું જોતા નથી. પહેલાંના લોકો આવક કરતાં જાવક ઓછી હોય તેનું ધ્યાન રાખતાં અને બચન કરતાં. પરંતુ, આજના સમયમાં તો લોકો કોઇ પણ ભોગે ભૌતિકવાદને ભોગવવામાં જ માને છે. આ સદીની આ વિષમતા માનવજાતિને કઇ દિશા તરફ દોરી જશે એ સળગતો પ્રશ્ન છે. અત્યારે ટીનેએજર્સ 'મોબાઇલ વ્યસની' કે 'મોલાઇલ મેનિયા' જેવા જ લાગે છે. ઘણીવાર કાફેટેરીયામાં કે બાઇક પર બેઠેલા ૩-૪ ટીનએજર્સ સાથે હોવા છતાં તે બધાં જ પોતપોતાના મોબાઇલમાં વ્યસ્ત હોય છે. મોબાઇલમાં મેસેજીસ વાંચીન હસતાં અને બ્રેક અપ થવાથી દુઃખી થતા ટીનએજર્સ મોબાઇલમાં એટલી હદે ખોવાયેલા હોય છે કે તેમની આસપાસની દુનિયાનું તેમને ભાન સુદ્ધાં રહેતું નથી. ઘરમાં માતાપિતા કે ભાઇ-બહેન સાથે વાત કરવામાં રસ ઘટતો જાય છે. સામાજિકતા શૂન્ય થતી જાય છે. મોબાઇલ પાસે ન હોય તો બેચેની, માથાનો દુઃખાવો કે ખાલીપો અનુભવાય છે. સામાજિક સંપર્કો કેળવવા માટે મોબાઇલ ઉપકારક છે પણ આપણે આપણા લાગણીતંત્રની જીવંતતાને સાવ જડ બનાવી દઇએ, તે ખતરનાક છે. જે ટીનએજર્સ આખો દિવસ મોબાઇલ પર વાતો કર્યા કરે છે તે **'Social Anxiety disorder'**નો ભોગ બને છે. તેઓ લોકો સાથે વાત કરતાં પણ ગભરાય છે અને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. એકબાજુ આ મોબાઇલ ફોન અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપી ગયો છે, ત્યારે એના દુઃખદ પરિણામથી બચવા માટે જાગૃત રહેવાની ખૂબ જરૂર છે.